R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-21 • ISSUE: 20 DATE: 19-05-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## આંખોના ઇશારે ચાલતું કોમ્પ્યુટર અપંગો માટે આર્શીવાદિત પુરવાર થયું



લીમીંગ ફેમીલી ઓરફાનેજ ના બાળકોએ કહ્યું હતું કે તેઓ ચંદ્ર પર પહોચી ગયા હોય તેવું લાગે છે કારણકે તેમને ખાસ પ્રકારનું કોમ્પ્યુટર મળ્યું જે આંખોના ઈશારાની ટેકનીકથી ચાલતું કોમ્પ્યુટર છે.જે વિખ્યાત બ્રિટીશ ફીજીસીસ્ટ સ્ટીફન હોકીંગ દ્વારા ઉપયોગમાં લેવાય છે.

ચર્ચ દ્વારા ચલાવાતા અનાથાશ્રમ,જે નીન્ગજીન દેશમાં આવેલા નોર્થન હેબેઇ પ્રાંત આવેલો છે જ્યાં માનસિક અને શારીરીક રીતે અપંગો રહે છે.જેમને ટાઈવાનીઝ ઈલેક્ટ્રોનીક્સ કંપની,યુટેકઝોન,દ્વારા ૬ એપ્રીલે આ નવું કોમ્પ્યુટર આપવામાં આવ્યું જેની કિંમત ૧૫૯૦૦ યુએસ ડોલર છે.

સ્પીંગ ગેઝ ઈન્ટરએક્સન સીસ્ટમ દ્વારા શારીરીક રીતે ખોડખાંપણવાળી વ્યક્તિઓ સરળતાથી માત્ર આંખના ઈશારે કોમ્પ્યુટર ચલાવી શકે છે.ટીયાન ડાબુઓએ જણાવ્યું હતું કે હું શારીરીક રીતે અપંગ વ્યક્તિ છું.મારે કોમ્પ્યુટરના ઉપયોગ માટે કીબોર્ડ પર સ્ટીકને દબાણ આપી ઉપયોગ કરવો પડે છે.પરંતુ હવે કર્સર ઉપર હું માત્ર આંખ દ્વારા તેનો ઉપયોગ કરી શકું છું.કે તેને ચાહું તેમ ફેરવી શકું છું.તેને પુછવામાં આવ્યું કે શું આ પ્રમાણેનું કોમ્પ્યુટર મળવાથી તે તેની આદિ બની જશે ? તેણીએ જવાબ આપ્યો હતો કે હું તોફાની નથી.

આ અનાથોને મળેલી સૌથી મુલ્યવાન ભેટ છે.આ પ્રથમ એવા પ્રકારનું કોમ્પ્યુટર છે જે શારીરીક રીતે અપંગ લોકોને માટે ઉપયોગી છે.

કેટલાંક લોકોનું માનવું છે કે શારીરીક રીતે અપંગ બાળકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે તે સારુ નથી.પરંતુ તે તેમનો અધિકાર છે કે તેઓ ઓનલાઈન પર તેમના જેવા બાળકોને મિત્ર બનાવી શકે.જેમ બીજા બાળકો કરે છે તેમ. સીસ્ટર ટેરેસા વેંગ ક્વીગફેગે જણાવ્યું હતું.તેઓ લીમીંગ ફેમીલી ઓરફાનેજના ડીરેકટર છે. તેણીનું કહેવું હતું કે આવા બાળકોને નવું શીખવાની તક મળશે.તેમને ખુશી આપશે અને નવું જ્ઞાન પણ તેઓ મેળવી શકશે.

યુટેકઝોન,બીજીંગ બ્રાંચના પ્રોજેકટ મેનેજર લી લીયાંગે જણાવ્યું હતું કે સ્ટીફન હોકીંગ જે સ્નાયુઓ નુકશાન પામેલા હોવાથી,આ પ્રકારની ટેકનોલોજી વાપરતા હતા.આ જ ટેકનોલોજી જેઓ મુંગા છે તેઓ તેમના વિચારો પ્રર્દશિત કરવા ઉપયોગ કરી શકશે. ટાઈવાનીઝ ફર્મ મશીન હવે તેનું મોટુ ઉત્પાદન કરી ગ્રાહકોને આપશે.જે હેલ્થ ઈન્સ્યુરન્સ સ્કીમ હેઠળ જાપાન અને ટાઈવાનમાં અપાશે.તેમની કંપની દર વર્ષે એક થી બે આઈ-ટ્રેકર કોમ્પ્યુટર ખાસ જરુરીયાતવાળી સંસ્થાઓને આપશે.

વિશ્વભરમાં અનેક એવી શોધખોળ કરવામાં આવી છે કે જરુરીયાતવાળા અને અપંગોને તેમના જીવનમાં આ શોધખોળો દ્વારા નવીન જીવન જીવવાનો મોકો અને આનંદ પ્રાપ્ત થયો છે.તેમના જીવનમાં નવુ આશાનું એક કિરણ ઉમેરાયુ છે.અપંગ લોકો માટે કોમ્પ્યુટર બનાવીને જરુરીયાત વાળી સંસ્થાઓને ભેટ આપવાની કંપનીએ કરેલી જાહેરાત આવકારદાયક છે.

## ખ્રિસ્તી મેરેજ રજીસ્ટારનો પરવાનો હાઇકોર્ટે પરત કર્યો



ગુજરાત સરકારે ફ્રીડમ ઓફ રીલીજીયસ એકટ ૨૦૦૩ ના ભંગ હેઠળ નડીયાદના ખ્રિસ્તી મેરેજ રજીસ્ટ્રાર સુભાષચંદ્ર પરમારનો લગ્ન કરવાનો પરવાનો રદ કર્યો હતો,જેને હાઈકોર્ટે ખોટો ઠેરવી પરવાનો પરત કરવાનો હુકમ કર્યો હતો.

ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ તરફથી પીટીશનર સુભાષચંદ્ર પરમારને કાયદાકીય લડતમાં સરકાર વિરુધ્ધ મદદ કરતાં પીટીશરની તરફેણમાં ચુકાદો આવ્યો હતો.પીટીશનર સુભાષચંદ્ર પરમારને ૧૯૯૯માં ગુજરાત સરકાર તરફથી ખ્રિસ્તી લગ્ન ધારા ૧૮૭૨ અન્વયે લગ્ન કરવાનો પરવાનો આપવામાં આવ્યો હતો. ૨૦૦૯માં તેમની ફરજ દરમિયાન તેમણે ક્રિશ્ચિયન પીનાકીન મેકવાન અને વિશ્રુતિબેન શુકલાના ,લગ્ન કરાવ્યા હતા.જેમાં વિશ્રુતીબેન ના માતા કૈલાસબેન શુકલા હાજર હતા અને તેમણે લગ્ન રજીસ્ટરમાં કન્યા પક્ષે માતા તરીકે સાક્ષીમાં સહી કરી હતી.એકાદ વર્ષના સમયગાળા બાદ ઓકટો.૨૦૧૦માં અનિલકુમાર શુકલા,જેઓ લગ્ન કરનાર કન્યા વિશ્રુતિબેનના પિતા થયા તેમણે સરકારમાં લગ્ન ફોક કરવા માટે વિરોધ નોધાવ્યો હતો.તેમણે કરેલ અરજીમાં જણાવાયુ હતુ કે આ લગ્નમાં ફ્રિડમ ઓફ રીલીજીયસ એકટ ૨૦૦૩નો ભંગ થયો છે.જેમાં રેગ્યુલેટ પરિવર્તન જરુરી છે.

૨૦૧૧માં ગુજરાત સરકારે સુભાષચંદ્ર પરમારનો લગ્ન કરવાનો પરવાનો રદ કર્યો હતો.અને તેમની સામે ફોજદારી ધારા હેઠળ ફરિયાદ દાખલ કરી હતી.

ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે હાઈકોર્ટના ચુકાદાનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે કોર્ટના ચુકાદા મુજબ હવે ખ્રિસ્તી વ્યક્તિ તેની પસંદગી ની વ્યક્તિ સાથે લગ્ન કરી શકે છે જેમાં કોઈ ધર્મનો બાધ આવતો નથી.ગુજરાતમાં ધર્મ પરિવર્તનનો કાયદો અન્ય છ રાજ્યો કરતાં વધારે સતાવણીયુક્ત છે.અન્ય રાજ્યોમાં આવી ધર્મ સ્વાતંત્રતાનો ભંગ થતો નથી.ગુજરાત રાજ્યમાં ફ્રિડમ ઓફ રીલીજીય એકટ ૨૦૦૩ મુજબ કોઈપણ વ્યક્તિએ પોતાની ધાર્મિક આસ્થા બદલવી હોય તો તેણે એક મહિનાની નોટીસ આપી રજા મેળવવી પડે છે.પછી બીજો ધર્મ સ્વીકારી શકાય છે.સેમસન ક્રિશ્ચિયન,એઆઈસીસીના નેશનલ સેક્રેટરીએ આ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે અમારો અનુભવ છે કે આવી કોઈ અરજી કરવામાં આવે તો હિન્દુત્વ કોમવાદી વિચારધારા ધરાવનારા પરિબળો આવી વ્યક્તિઓ પર તુટી પડે છે તેમજ તેમના કુટુબીંજનોને પરેશાન કરી મુકે છે.તેમજ તેમને તેમનો નિર્ણય બદલવા માટે મજબુર કરે છે.

જસ્ટીસ બ્રહ્મભટ્ટે તેમના ચુકાદામાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારે લગ્નનો પરવાનો રદ કરવાના તેમના નિર્ણય પહેલા સંપુર્ણ તપાસ કરવી જોઈતી હતી.તેમજ વિશ્રુતીબેન તેમની મરજી વિરુધ્ધ ધર્મ પરિવર્તન કર્યું હોય તેવો કોઈ પુરાવો મળ્યો નથી.તેમજ જે શો કોઝ નોટિસ જારી કરવામાં આવી છે તે તેમના કાર્યક્ષેત્રમાં આવતી નથી.તેમજ જેમણે આ નોટિસ જારી કરી છે તે સત્તાધારીઓએ તેનો પોતાના મગજ ચલાવીને વિચાર કર્યો નથી.



મીદનાપુર,પં.બંગાળની એક શાળા .

વધુ વિગતો માટે પાન નં.૨ ઉપર

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

## નવક્રાંતિ

આપણું શિક્ષણ કેટલી હદે કથળી ગયું તેનો જીવતો જાગતો પુરાવો મીદનાપુર,પશ્ચિમ બંગાળમાં આવેલી સ્કુલ અને અલીયા યુની.સોલ્ટ લેઈક કેમ્પમાં જોવા મળ્યો.નાપાસ થયેલા વિદ્યાર્થીઓએ તેમના શિક્ષકોને સ્કુલમાં અને કોલેજ બિલ્ડીંગમાં પુરી દીધા. કારણકે તેમને તેમનું પરિણામ મંજુર નહોતું.મતલબ એવો થયો કે વિદ્યાર્થીઓ જેવું ઈચ્છે તેવું પરિણામ શિક્ષકોએ આપવું પડે.તો પછી તાલીમ કે કેળવણીનો અર્થ ક્યાં રહેશે ?

ભારત ભરમાં મેડીકલ ક્ષેત્રે પણ આવું એક કૌભાંડ પકડાયું.પરંતુ તે તો એડમીશનને લગતું હતું.પૈસાદાર માંબાપના દીકરાઓને ઓછા ટકા હોવા છતાં મેડીકલમાં એડમીશન આપી દેવાયા.અને હજુ સુધી તેઓ હોદ્દાઓ પર ટકી રહેવા પામ્યા છે કારણકે તેમના ગોડફાધરો સત્તામાં બેઠેલા છે.પૈસા આપીને પાસ થઈ જનારા પાસે તમે કેવી સારવારની અપેક્ષા રાખી શકો.ઉચ્ચ શિક્ષણ અને તબીબી શિક્ષણમાં થતો ભ્રષ્ટ્રાચારના પાયામાં વ્યવસાયીકરણ છે.શિક્ષણ જાણે કે હવે પૈસાદાર લોકો માટે જ રહ્યું.એટલી બધી મોધીદાટ ફીઓ ભરીને ગરીબ અને મેરીટ વાળા વિદ્યાર્થીઓનું ભાવિ ધુંધળું બની ગયું છે.તેમાં ઉમેરાયું છે ગુનાહિત માનસ,અને તેના માટે જો કોઈ જવાબદાર હોય તો તે રાજકારણીઓ છે.સન્માનીય ક્ષેત્રો ભ્રષ્ટ્રાચારથી ખરડાતા ગયા છે.પરિણામે દેશનો વિકાસ જે રીતે થવો જોઈએ તે રીતે ક્યારેય શક્ય બની શકે નહી.

અનુ. પાન નં ૧ ઉપરનું

## બંગાળમાં શિક્ષકો બાળકોના રોષનો ભોગ બન્યા

મીદનાપુર,બંગાળમાં આવેલી એક શાળા જેને અંગ્રેજોએ ૧૮૦ વર્ષ પહેલા શરુ કરી હતી,ત્યાંના વિદ્યાર્થીઓએ શિક્ષકોને તેમના રોષનો ભોગ બનાવ્યા હતા.૫૦ સ્કુલ શિક્ષકોને ૧૧માં ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓએ સ્કુલમાં પુરી દીધા હતા.કારણકે આ વિદ્યાર્થીઓ તેમની વાર્ષિક પરીક્ષામાં નાપાસ જાહેર થયા હતા.

બીજા એક બનાવમાં અલીયા યુની.જે સોલ્ટ લેઈક કેમ્પસમાં આવેલી છે ત્યાં વિદ્યાર્થીઓ દ્વારા વાઈસ ચાન્સેલર અને બીજા ૧૨ જેટલા શૈક્ષણિક કર્મીઓને આખો દિવસ પુરી રાખવામાં આવ્યા હતા અને તેમના મકાનનો વિજળી પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો.જેમની સામે પોલીસ કેસ કરવામાં આવ્યો હતો તે વિધ્યાર્થીઓએ આ પગલું ભર્યું હતું.નયાબસન જનકલ્યાણ વિદ્યાપીઠ,ગોપીવલ્લાભપુરના વિદ્યાર્થીઓએ ગેટ ખોલવાની મનાઈ ફરમાવી હતી જ્યાં સુધી તેમને ૧૨માં ધોરણમાં ઉપર ચઢાવવામાં આવે નહી ત્યાં સુધી.ધોરણ ૧૨ સ્કુલનું છેલ્લું પગથીયુ છે.

અશોક પટનાયક જે સ્કુલના મેનેજીંગ કમિટિના સેક્રટરી છે તેમણે જણાવ્યું હતું કે ૨૪૭ વિદ્યાર્થીઓમાંથી ૯૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાપાસ થયા હતા.આ પરીક્ષા વેસ્ટ બેગાલ કાઉન્સીલ ઓફ હાયર સેકંડરી એજ્યુકેશન દ્વારા લેવાય છે.જેમાં સ્કુલ ઓથોરીટી કશું જ કરી શકે તેમ નથી. નાપાસ થયેલા વિદ્યાર્થીઓ સાથે ૯૦ મીનીટ સુધી ચર્ચા ચાલી હતી.સ્કુલ બંધ થયા બાદ બધા વિદ્યાર્થીઓ ચાલ્યા ગયા બાદ સ્કુલને બહારથી બંધ કરી દેવાઈ હતી જેમાં ૫૨ વ્યક્તિઓનો શૈક્ષણિક સ્ટાફ હતો.જે પુરાઈ ગયો હતો.

કોલકત્તા એ ભારતમાંના ત્રણ સ્થળો પૈકીનું એક સ્થળ છે જેમાં લોર્ડ થોમસ બેબીગ્ટન મેકલોયે ૧૮૩૪માં શિક્ષણ પ્રથા દાખલ કરી હતી.જેનો ઉદેશ્ય બ્રિટીશ શાસકોને તેમના વહીવટીતંત્રમાં મદદરુપ થાય તેવા ક્લાર્કની જરુરીયાત હતી અને તે માટે શિક્ષણ આપવાનું હતું.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**


આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# પ્રીઝન ફેલોશીપ મિનીસ્ટ્રીના સ્થાપક ચુક કોલસનનું નિધન



નાસ્તિકતાવાદમાં શ્રધ્ધા ધરાવનાર પ્રચારકો દ્વારા ચુક કોલસનને મૃત્યુ નોધમાં ગંદી રીતોનો નિષ્ણાત ગણાયા હતા.પરંતુ ખ્રિસ્તી નેતાઓએ તેમના જીવન અને તેમના કામો પર પ્રકાશ પાડતાં તેમને શ્રધ્ધાજંલી અર્પતા જણાવ્યું હતું કે તેઓ એક મહાન મિત્ર,વિશ્વાસુ સલાહકાર,દલીલકાર અને ઈસુના સાક્ષી હતા.જો કે તેમના દુ:ખદ અવસાનથી શોક લાગ્યો પરંતુ એ બાબતનો આનંદ છે કે તેઓ હવે ઈશ્વરની હાજરીમાં આનંદ કરતા હશે.તેવું લી સ્ટોરબેલે ,ક્રિશ્ચિયન પોસ્ટને જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે એક વાર ચુકે મને તેમની પ્રીઝન ફેલોશીપમાં તેમના પછી તેમનુ સ્થાન ગ્રહણ કરવા કહ્યું હતું પરંતુ હું તેમના પગલાંમાં પગ મુકી શકું તેવો કાબેલ નહોતો.વિશ્વએ એક મહાન સૌમ્ય સ્વભાવી,તેજસ્વી,ધીરજવાન,નમ્ર એવો ખ્રિસ્તનો સાક્ષી ગુમાવ્યો છે.જેઓ ખ્રિસ્તી ધર્મનો વિશ્વાસ,આસ્થા અને ધાર્મિકતાના બચાવમાં પ્રયત્નોમા નાસ્તીક જગતમાં પડકારોનો સામનો કરે છે તેમને ચુક હંમેશા એવા પડકારોનો સામનો કરનારાઓની સાથે હતા.

સ્ટોરબેલ જેવા અનેક ખ્રિસ્તી લોકો,તેમના નવા જન્મ બાદ તેમના જીવન ઉપર પ્રકાશ પાડે છે.જો કે તેઓ ૧૯૭૦માં વોટરગેટ સ્કેન્ડલમાં અંદર હતા.પરંતુ કેદીઓ સાથે તેમનુ આત્મિક બદલાણ થયેલું.પરંતુ ન્યુયોર્ક ટાઈમ્સના જણાવ્યા પ્રમાણે કોલસન પ્રેસિડેન્ટ રીચાર્ડ એમ.નિક્સન માટે રાજકીય ભાંગફોડીયા હતા.જેમની કેટલીક ગંદી રીતરસમોએ પ્રેસીડેન્ટને નિષ્ફળ બનાવ્યા હતા.જો કે સમાચારપત્રે કહ્યું હતું કે કોલસન પાછળથી જેલમાં એક અગત્યના ઈવેન્જીલીકલ લીડર બન્યા હતા.તેમનો નવો જન્મ થયો હતો.

ગેટરીલીજીયન ઓરગે.બ્લોગે આ બાબતે સુચવ્યું હતું કે ટાઈમ્સ તેમની સાથે જે રીતે વર્ત્યું તેમાં કંઈક દ્વિધા હોવાનો સંભવ છે.ટાઈમ્સે સતત જણાવ્યું હતું કે કોલસન વોટરગેટ કૌભાંડમાં ગુનેગાર સાબિત થયા બાદ જેલમાં ગયા હતા.જેલના સળીયા પાછળથી તેમણે ધર્મ બાબતે જે કાંઈ જણાવ્યું છે તે પ્રમાણે તેમણે તેમની બાકીની જીંદગી કેદીઓની સેવામાં ગાળી હતી.તેમને સુવાર્તાનો સંદેશો આપ્યો હતો.તેમજ રીપબ્લીકન રાજકારણીઆને,ઈવેન્જલીકલ ચર્ચ લીડર્સને,રોમન કેથોલીક કન્ઝરવેટીવ્સને,એકબીજા સાથે કેવી રીતે સંયોજન કરવું અને અમેરીકાનું રાજકારણ કેવી રીતે બદલવું તે બાબતે તેમને મદદ કરી હતી.તેઓ જેલમાં ગયા તે પહેલા તેમના જીવનમાં પરિવર્તન આવ્યું હતું.તેઓ નવો જન્મ પામ્યા હતા.આ બદલાણ પાછળ બાઈપરીસન બાઈબલ સ્ટડી ગ્રુપનો મહત્વનો ફાળો હતો.

રવિ ઝખાર્યાહ,દલીલકાર એવું જણાવે છે કે કોલસન તત્કાલીન સમયના એક પ્રબોધક હતા.વોટરગેર કૌભાંડ બાદ તેમના માં આવેલુ પરિવર્તન એક ચમત્કાર હતો.તેમની હિંમત બાબતે ઝખાર્યાહ જણાવે છે કે તેઓ સુવાર્તા વહેચવામાં તેઓ માહિર હતા અને ખરા હૃદયથી તેઓ અધ:પતન થયેલા લોકોને તેમના વિચારોમાં પરિવર્તન કરાવવા પ્રયત્ન કરતા હતા.ચક ખરેખર આપણા ઈશ્વરના નિખાલસ સાક્ષી હતા.વોટરગેર કૌભાંડનો કેસ હજુ શરુ થયો નહોતો ત્યારે તેમના જીવનમાં પરિવર્તન આવ્યુ હતું અને તેઓ સાચા ખ્રિસ્તી બન્યા હતા.તેમના મિત્રએ તેમને સી.એસ.લેવીસનું પુસ્તક મેર ક્રિશ્ચિયાનીટી આપ્યું હતું.તેમના જીવનમાં આવેલા પરિવર્તનના પરિણામે તેમણે તેમના ગુનાની કબુલાત કરી હતી.જેથી જજે તેમની સામેનો કેસ કાઢી નાંખ્યો હતો.ત્રણ વર્ષની સજા માંથી તેમણે સાત મહીના જેલવાસ ભોગવ્યો હતો.

સેન.જોન મેકકેઈને કોલસનને એક સારા વ્યક્તિ તરીકે ગણાવ્યા હતા. તેમના જીવન પરથી એવું ફલિત થાયછે કે પાપ માંથી મુક્તિ શક્ય છે.ઈવેન્જલીકલ બીલી ગ્રેહામે કોલસન ની જેલ મિનિસ્ટ્રી બાબતે કહ્યું હતું કે જેલમાં સુવાર્તા પહોચાડવાનું ભગીરથ કાર્ય તેમણે ત્રણ દસકા સુધી કર્યું છે.જ્યારે હું સ્વર્ગમાં જઈશ અને ચુકને ફરીથી જોઈશ,હું માનું છું કે હું ત્યાં એવા ઘણા બધા લોકોને મળીશ જેમના જીવનોના પરિવર્તન માટે કોલસને અગત્યનો ભાગ ભજવ્યો હતો.તેમણે કહ્યું હતું કે હું મારુ સૌભાગ્ય ગણું છું કે હું તેમને મિત્ર કહી શકું છું.

એન્ડ્રુ મુલીન્સ,જ્યોર્જીયાથી ટ્વીટ ઉપર કોલસન મિનિસ્ટ્રી માટે લખે છે કે ,આ માણસે મારુ જીવન હાઈસ્કુલથી બદલી નાંખ્યું હતું.તેમની પ્રીઝન મીનીસ્ટ્રીએ મારા સિવાય કેટલાંય લોકોના જીવન બદલી નાખ્યા છે.ફેમીલી રીસર્ચ કાઉન્સીલે કોલસનને શ્રધ્ધાંજલિ આપતાં કહ્યું હતું કે તોઓ પ્રીઝન ફેલોશીપ મિનિસ્ટ્રી,જસ્ટીસ ફેલોશીપ,અને કોલસન સેન્ટર ફોર ક્રિશ્ચિયન વર્લ્ડવ્યુના સ્થાપક હતા.તેમણે કહ્યુ હતું કે હું તેમનો ઈસુ પ્રત્યનો પ્રેમ અને આદર અને તેને નિભાવવાની તેમની શૈલીનો ચાહક છું.તેમણે ખ્રિસ્તીઓને તેમના પોતાના દાખલો આપ્યો કે જાહેર જીવનમાં ખ્રિસ્તી વિશ્વાસને કેવી રીતે પ્રગટ કરવો.એફઆરશીના પ્રેસીડેન્ટ ટોની પેરકીન્સે આ જણાવ્યું હતું.

કોલસાનો તેમની પ્રીઝન મિનિસ્ટ્રીની શરુઆત ૧૯૭૬માં કરી હતી અને આજે તે વિશ્વના ૧૧૩ દેશોમાં તે કાર્યરત છે.કોલસને જાતે ૬૦૦ જેલોની યુએસમાં ૪૦ વિશ્વના અન્ય દેશોની જેલની મુલાકાત તેમના જીવનના છેલ્લા ચાર દસકાઓ દરમિયાન લીધી હતી.

વિશ્વભરમાંઆવા અનેક લોકોએ તેમના નિધન બાદ સાચા ખ્રિસ્તી વ્યક્તિ તરીકે તેમને શ્રધ્ધાંજલી આપી હતી.

પેગ્વીન ખારા પાણીને પીવાલાયક બનાવી શકે છે.
કાંગારૂ ઊંધા પગે ચાલી શકતુ નથી.

જાહેરાત

કૃષિ મહોત્સવ -૨૦૧૨

# ઉજવીએ કૃષિ મહોત્સવ -૨૦૧૨

# આવો, ગુજરાતના આ અભિયાનમાં ભાગીદાર બનીએ

★ દેશના ૩.૩ ટકા કૃષિવકાસ દરની સામે
ગુજરાતનો કૃષિવિકાસ દર ૧૦.૮ ટકા

★ છેલ્લા દસ વર્ષમાં ૪ લાખ નવા કૃષિ વીજ જોડાણો

★ઔદ્યોગિકરણ સાથે રાજયમાં કૃષિ વાવેતર
વિસ્તારમાં ૧૦ટકા વધારો

★દસ વર્ષમાં દુધ ઉત્પાદનમાં ૬૬ ટકાનો વધારો

★કૃષિક્ષેત્રે વીજપ્રવાહમાં સાતત્યતા સાથે ડાર્કઝોન
હેઠળના પ્રતિબંધો દુર

★ ખાતેદાર ખેડુત વીમા યોજનામાં વારસદારનો પણ સમાવેશ

## સૌનો સાથ .......સૌનો વિકાસ

કૃષિ મહોત્સવ-૨૦૧૨
તા.૬ મે,૨૦૧૨ થી
મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે
જુનાગઢ જિલ્લાના માણાવદરથી

શ્રી દિલીપ સંઘાણી,
મંત્રી,કૃષિ,સહકાર,પશુપાલન,
મત્સોદ્યોગ અને ગોસંવર્ધન

આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ
GTPL પરથી નિહાળી શકાશે

માહિતીપ-૩(૧૨-૧૩)

# કેથોલીક મિશનની રીલીજીયસ કોન્ફરન્સ ઇન્ડીયા બેંગલુરમાં યોજાઇ



કેથોલીક નન્સ અને પ્રીસ્ટની મિશન કોંગ્રેસ,કોન્ફરન્સ ઓફ રીલીજીયસ ઇન્ડીયા મળી રહી છે.જેમાં વ્યક્તિગત અને સંસ્થાકીય રીતે ઓતપ્રોત થઇને લોકોના જીવનમાં ધાર્મિક જાગૃતિ માટે કાર્ય કરવા માટે વિનંતી કરાઇ છે.તાજેતરના સમયમાં કેથોલીક ધાર્મિક જીવન બિનસાંપ્રદાયિક અને સંસ્થાકીય માળખામાં સતત પડકારો ઝીલતું રહ્યું છે.જેની પ્રત્યાઘાતી અસરો પેદા થઇ છે જે ઇસુના આપેલા આદેશોને પરિપુર્ણ કરવાના મકસદને અસર કરે છે.બિનસાંપ્રદાયિક બાબતોએ કેટલીક ગંભીર ક્ષતિઓ પેદા કરી છે કે ખ્રિસ્તી વિશ્વાસને તેમજ ચર્ચના મહત્વને અસર કરે છે.તેથી એવી જરુરીયાત ઉભી થઇ છે કે ઇસુના બોધને તાજો કરવો જ્યાં ચર્ચ ખસી ગયું છે.કોંગ્રેસે આ જોયું છે.આ કોંગ્રેસનો મુદ્રાલેખ "લેટ યોર લાઇટ શાઇન બ્રાઇટર"રાખ્યો હતો..આ કોંગ્રેસનું અધિવેશન ધરમારમ કોલેજ બેંગલોર ખાતે મળ્યુ હતું.જેમાં ૩૦૦ પ્રીસ્ટ,બ્રધર,સીસ્ટર ભારતભરમાં ભાગ લેવા આવ્યા હતા.

અધિવેશનના પ્રારંભ વ્યક્તવ્યમાં કાર્ડિનલ ઓસ્વાલ્ડ ગ્રેસીયસે જણાવ્યું હતું કે તમે અહીયા હાજર રહેલા તમામ તમારા જીવનો દ્વારા ખ્રિસ્તનો સંદેશો લોકો સમક્ષ મુકો.પરંતુ તે પહેલા આપણે ખુબજ ધાર્મિક હોવા જરુરી છે.આપણે સહુ પ્રથમ ઇશ્વરના વચનોને સમજવા ખુબજ અગત્યના છે.પ્રમુખસ્થાનેથી બોલતાં એપોસ્ટોલીક નુનકીઓ ટુ ઇન્ડીયા,આર્ચ બિશપ સાલ્વાટોર પીનાચોએ જણાવ્યું હતું કે નવી ધાર્મિક જાગૃતિની જરુરીયાત છે.તમામ લોકોની પાસે ઇસુનો શુભ સંદેશો પહોચાડવો જરુરી છે.ઘણા લોકો બાપ્તિસમાનો પવિત્ર સંસ્કાર લઇને ખ્રિસ્તી બન્યા છે,ચર્ચના સભ્ય બન્યા છે, પરંતુ તેમની ખ્રિસ્તી તરીકેની ફરજો બજાવવામાં શરમાળ છે.તેથી આ પડકાર તેમના માટે છે તેઓ જીવનનો મર્મ સમજે અને ખ્રિસ્તી તરીકેની તમારી સાક્ષી પુરી પાડો.પ્રીસ્ટોની ફરજ બને છે કે તેઓ ઇશ્વરના સંદેશા અને તેમના કાર્યો દ્વારા ધર્મને ઉત્તેજન આપે.તેમણે ધર્માંતર જેવી બાબતોમાં ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે ધર્મની બાબતોમાં બિનસખાવતી કાર્યોને મહત્વ આપશો નહી.કે ઉત્તેજન આપશો નહી.આવી બાબતો ખ્રિસ્તી આધાર સ્તંભોને નબળા પાડે છે. સંસ્થાકીય અને વ્યાપારી કાર્યકમો એવા ન હોવા જોઇએ કે ઇસુના શુભ સંદેશાથી દુર જતા હોય.તે કાર્યક્રમો એવા હોવા જોઇએ કે ખરેખર ઇસુની સુવાર્તા પ્રગટ કરનાર હોય.ચર્ચની હંમેશા એક જવાબદારી અને ફરજ છે કે તેમણે હંમેશા ઇસુની સુવાર્તાને પ્રગટ કરવી જોઇએ.સીઆરઆઇ મિશન કોંગ્રેસ,તથા તમામ ખ્રિસ્તીઓએ ધાર્મિક તરસને છીપાવવા માટે હંમેશા તૈયાર રહેવું પડશે,જે મિશનનું નવું પરિમાણ છે.

ધાર્મિકતાપણું એ એક એવુ જોશ છે જે તમામ પ્રવૃત્તિઓમાં સામેલ થઇ શકે છે.તમારુ જીવન અને તમારી ધાર્મિક સર્મપણતા એવી હોવી જોઇએ કે તેમા તમારી ધર્મપરાયતા સ્પષ્ટપણે જોઇ શકાય.કોન્ફરન્સ ઓફ રીલીજીયસ ઓફ ઇન્ડીયામાં ૧,૨૫,૦૦ જેટલા કેથોલીક રીલીજીયસ બ્રધર,પ્રીસ્ટ અને નન્સે ભારત ભરમાંથી આવીને ભાગ લીધો હતો.મોટા ભાગની સ્કુલો, હોસ્પીટલો, સામાજીક સેવાભાવી સંસ્થાઓ,અને બીજી કેટલીક તેમની સાથે સંકળાયેલ સંસ્થાઓ જે કેથલીક ચર્ચ સાથે જોડાયેલી કે તેના દ્વારા તેનો વહીવટ કરવામાં આવે છે તેના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

મોસ્કોમાં આવેલી લેનીન લાઇબ્રેરી એ બે કરોડ પુસ્તક ધરાવે છે.એ આ લાઇબ્રેરી વિશ્વની સૌથી મોટી લાયબ્રેરી છે.

# ખ્રિસ્તીઓ પોતાના વિશ્વાસના અન્યોને ભાગીદાર બનાવવા માટે ફેસબુકનો ઉપયોગ કરે છે




યુકેમાં સોશ્યલ મીડીયાનો ખ્રિસ્તીઓ વધુ પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યા છે.કારણકે તેમના વિશ્વાસ અને શ્રધ્ધામાં તેઓ અન્યોને ભાગીદાર બનાવી શકે,તેવું સંશોધનમાં દેખાવા મળ્યું છે. ઓન એટીટ્યુડ ટુ ઓનલાઇન મિશન બાય ક્રિશ્ચિયન વિઝન અને પ્રીમીયર ક્રિશ્ચિયન મીડીયાના સર્વેમાં જાણવા મળ્યું હતું કે ૬૪ ટકા લોકો ફેસબુકનો સોસ્યલ મીડીયા તરીકે ઉપયોગ કરે છે.ટ્વીટર અને યુ ટ્યુબનો પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપયોગ કરે છે. ૭૦૦ ખ્રિસ્તીઓનો સર્વે કરવામાં આવ્યો હતો.જેમાં ૮૪ ટકા લોકો સંમત થયા હતા કે તેઓને માટે ઓન લાઇન સ્પેશ એ મોટુ મિશન ફિલ્ડ છે.

૭૧ ટકા લોકોએ જણાવ્યું હતું કે તેઓ ક્રિશ્ચિયન સાઇટ પર, મિશિનલ વેલ્યુને પોસ્ટ કરે છે.અને ૭૩ ટકા લોકોએ જણાવ્યુ હતુ કેતેઓ ઇન્ટરનેશન સ્તરે તેમના વિશ્વાસ અને આસ્થાને પોસ્ટ કરે છે કે લીંક ઉપર મુકે છે.અભ્યાસમાં એ પણ જણાયું હતું કે સોશ્યલ મીડીયા પર સંપર્કથી જુવાનો પર વધુ અસર થાય છે.ખ્રિસ્તી યુવાનોને બિનખ્રિસ્તી યુવાનો સાથે વધુ મૈત્રાચારી ઉભરે છે.અને તેઓ તેમના વિશ્વાસની વહેચણી કરે છે.૮૭ ટકા લોકો જેઓ ૧૬ થી ૧૮ વર્ષની આયુના હોય છે તેઓ આ પ્રમાણે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના વિચારોની આપલે કરે છે.૭૯ ટકા લોકો એ બાબતે સંમત છે કે ધર્મપ્રસાર કે પ્રચાર એ સારા સબંધો પર આધારિત છે.૨૫ ટકા લોકોએ જણાવ્યું હતું કે સોસ્યલ નેટવર્ક પર ચર્ચ તેમને એટલો ટેકો કરતું નથી.૭૮ ટકા લોકોએ જણાવ્યુંહતું કે ચર્ચોએ ઓનલાઇન મિશન પર વધારે ધ્યાન દેવું જરુરી છે.

આ પરિણામો એવું જણાવે છે કે ખ્રિસ્તીઓએ ઇન્ટરનેટ દ્વારા તેમને મળેલી તકોને બરાબર ઓળખવી જોઇએ.ચર્ચોએ આ બાબતે વધુ પ્રોત્સાહન અને મદદ આપવી જોઇએ જેથી ઓનલાઇન ચેનલો દ્વારા વધુ કાર્ય થઇ શકે.

તાલીમ આપવી એ માત્ર પ્રશ્નનો જવાબ નથી.પરંતુ ૪૦ ટકા લોકો એવા હતા જેમણે જણાવ્યું હતું કે તેમના વિશ્વાસની અન્યો સાથે વહેચણી બાબતે તેમને તાલીમ અને મદદની જરુરીયાત છે.જેથી તેઓ વધારે સારી રીતે તેમના મિત્રો સાથે પોતાના વિશ્વાસની વહેચણી કરી શકે.આ સંશોધન યેશહીઇઝ.કોમ દ્વારા યોજવામાં આવ્યો હતો.જે યુકે ના ખ્રિસ્તીઓ માટે તેમના વિશ્વાસની અન્યો સાથે વહેચણીનું પ્લેટફોર્મ બની શકે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** લોરેન્સ એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ **ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઇલાલભાઇ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ શ્રી વિલિયમભાઇ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧ મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી સુનીલકુમાર એમ. ઇમાનુએલ સોસા.ભાલેજ રોડ, આણંદ.૧ મો.૯૭૧૨૭૪૫૧૯૫ ૦૨૬૯૮૨-૨૫૯૨૩૪
૩.શ્રી ગીદીયોલ પોલ, કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ

આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.